## મિલકત વેરો ભરવામાં સેક્ટર-૨ના રહીશો અજમંજશ સ્થિતિમાં મિલકત વેરાની પહોંચ જ મળી નથી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાલમાં મિલકત વેરા ઉઘરાવવાનું કામકાજ ચાલુ છે ત્યારે ગાંધીનગરના સેક્ટર-૨ના કેટલાય રહીશોને હજુ સુધી મિલકત વેરાની પહોંચ આપવામાં આવી નથી.

મહાનગરપાલિકાના સેક્ટર-૨ના રહીશોએ તંત્રને વેરો ભરવા અંગેની પહોંચ મળી નથી તેવી ફરિયાદ કરતા જણાવ્યું છે કે, ઘણા સમયથી મિલકત વેરા ઉઘરાવવાની કામગીરી ચાલે છે ત્યારે સેક્ટર-૨-એના ઘણા ખરા મકાનોના હજુ સુધી મિલકત વેરાના 'ફરફરીયા' મકાન માલિકો સુધી પહોંચ્યા નથી. સેક્ટર-૨ના રહીશો પરેશાન છે કે, 'મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરાની પહોંચ મળી નથી તો કઈ રીતે વેરો ભરવો?' આ અંગે મહાનગરપાલિકામાં રજૂઆત કરવા છતાં આજ દિન સુધી સેક્ટર-૨માં પહોંચ ફાળવવામાં આવી નથી.

# ૧૭મીએ આંગણવાડી કાર્યકરોની મહારેલી, ૫ હજાર બહેનો જોડાશે

### વિવિધ ૧૪ પડતર પ્રશ્નો ઉકેલવા માંગણી ધરણાનો કાર્યક્રમ પણ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

આંગણવાડી કાર્યકરો અને આશા વર્કરોના પડતર પ્રશ્નો ન ઉકેલાતા તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ બપોરે ઘ-૦ થી પથિકાશ્રમ સુધી મહારેલી યોજવામાં આવનાર છે. આ મહારેલીમાં ૫ હજાર બહેનો જોડાશે.

ભારતીય મઝદૂર સંઘના મહામંત્રી રાકેશ નિમાવતના જણાવ્યા અનુસાર આંગણવાડી કાર્યકરો, સુપરવાઈઝરો અને આશા કાર્યકરોના પડતર પ્રશ્નો ન ઉકેલાતા આગામી સોમવારે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય સેવિકાના આ પડતર પ્રશ્નોમાં કોન્ટ્રાકટ પર કામ કરતા કર્મચારીને કાયમી કરવા, લઘુત્તમ વેતન પેટે રૂ. ૧૧ હજાર નક્કી કરવા ઉપરાંત નવી પેન્શન સ્કીમ બંધ કરી જૂની પેન્શન સ્કીમ અમલમાં મૂકવા પણ માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત છઠ્ઠા પગારપંચનો લાભ આપવા સહિત આશ્રિતોને તાત્કાલિક નોકરી આપવા પણ માંગ કરવામાં આવી છે. આ તબક્કે મહિલા કાર્યકરો દ્વારા ધરણાંનો કાર્યક્રમ પણ યોજાશે.

# અખિલ આંજણા કેળવણી મંડળ રજત મહોત્સવની ઉજવણી કરશે

### આજે ભવ્ય શોભાયાત્રા નીકળશે : જનજાગૃતિના વિવિધ ટેબ્લોઝ આકર્ષણ જમાવશે : વિકાસ ગાથા ગ્રંથ શતદલનું વિમોચન કરાશે

ગાંધીનગર, તા.૧૪

અખિલ આંજણા કેળવણી મંડળને ૨૫ વર્ષ પૂર્ણ થતા સંસ્થા દ્વારા રજત જયંતિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. રજત મહોત્સવ અન્વયે તા. ૧૫ સપ્ટેમ્બરે કન્યા વિદ્યાલય ખાતેથી શોભાયાત્રા નિકળશે. જયારે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ સંસ્થાની વિકાસ ગાથા રજૂ કરતા ગ્રંથ 'શતદલ'નું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન કરવામાં આવશે.

રજત મહોત્સવ સંદર્ભે કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ હરિભાઈ ચૌધરીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આર્થિક રીતે નબળી સ્થિતિ ધરાવતી અંતરિયાળ ગામડાઓની બહેનોને પાયાનું શિક્ષણ આપવા વર્ષ ૧૯૮૩ દરમિયાન અખિલ આંજણા કેળવણી મંડળનો પાયો નંખાયો હતો. હાલ સંસ્થા દ્વારા વિદ્યાર્થીનીઓને એમ.બી.એ., એમ.સી.એ અને એમ.એડ. સહિતના અભ્યાસક્રમોનું શિક્ષણ પુરું પાડવામાં આવે છે. ૧૯૮૪માં ૭૭ વિદ્યાર્થીઓથી શરુ થયેલી આ સંસ્થામાં હાલ ૫ હજાર વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. જયારે વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણ પુરું પડાયા બાદ રોજગારી પુરી પાડવા જુદા જુદા ટ્રેનીંગ સેન્ટર પણ




કાર્યરત કરાયા છે. જેમાં નિષ્ણાંતો દ્વારા લેકચર પણ આપવામાં આવે છે. જેના આધારે વિદ્યાર્થીનીઓને જોબ પ્લેસમેન્ટ પણ મળે છે. કન્યા કેળવણીના મામલે સમાજ પણ જાગૃત થયો છે. રજત જયંતિ મહોત્સવ અન્વયે શનિવારે સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૭ સ્થિત જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયથી શોભાયાત્રાનો પ્રારંભ થશે. આ શોભાયાત્રા ચ-૩, વિધાનસભા, ઉદ્યોગભવન અને પથિકાશ્રમ પાસેથી પસાર થઈ કોલેજ સંકુલ પહોંચશે. જેમાં બેટી બચાવો, વ્યસન મુકિત, ઉર્જા શકિત, એઈડસ, બાળ વિવાહ તેમજ પર્યાવરણ અંગે જાગૃતિ લાવતા વિવિધ ટેબ્લો પણ જોડાશે. તા. ૧૬મીએ અખિલ આંજણા કેળવણી મંડળની વિકાસગાથા રજૂ કરતા ગ્રંથ શતદલનું મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે વિમોચન કરવામાં આવશે. આ સમારોહમાં ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના નવા વરાયેલા ચેરમેન વિપુલ ચૌધરી સહિત અન્ય દાતાઓનું પણ સન્માન કરાશે.

## રાજ્યની મહિલા સુરક્ષા સમિતિમાં સરોજબેન ઠાકોરની નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સરકાર દ્વારા રાજ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિમાં બિનસરકારી સભ્ય તરીકે ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને ગાંધીનગર મહાનગર ભાજપાના ઉપપ્રમુખ સરોજબેન ઠાકોરની નિમણુંક કરવામાં આવી છે. તેને સમગ્ર જિલ્લા ભાજપના કાર્યકરો અને આગેવાનો ઉપરાંત મહિલા સંસ્થાઓના આગેવાનોએ આવકાર આપ્યો છે.

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા મહિલાઓ ઉપર થતા અત્યાચાર રોકવા માટે પરામર્શ કરવા સાથે તે અંગે અટકાયતી પગલાંની ચર્ચા-વિચારણા કરવા રાજ્યકક્ષાની મહિલા સુરક્ષા સમિતિની બંધારણીય રચના કરવામાં આવેલી છે. આ સમિતિમાં બંધારણ મુજબ ૩૦ સભ્યો તરીકે સરકારી અધિકારીઓ તેમજ અન્ય મહિલા અગ્રણીઓની નિમણુંક કરવામાં આવે છે. જેમાં ગૃહ વિભાગ દ્વારા ત્રણ મહિલા અગ્રણીઓની બિનસરકારી સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેમાં ગાંધીનગર મહાનગર ભાજપના ઉપપ્રમુખ શ્રીમતી સરોજબેન ઠાકોરની નિયુક્તિ કરવામાં આવી છે.

## ડુંગરી ગરાસિયા સેવા સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં વસવાટ કરતાં સાબરકાંઠા જિલ્લાના ડુંગરી ગરાસિયા સમાજના હોદ્દેદારોની આગામી વર્ષ-૨૦૧૨-૧૩ માટે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ડુંગરી ગરાસિયા સેવા સમાજના પ્રમુખ તરીકે કાન્તીભાઈ ડામોર, ઉપપ્રમુખ તરીકે ચીમનલાલ ડેડુન, મંત્રી તરીકે સુરપાલભાઈ અસોડા, ખજાનચી તરીકે દીવાનભાઈ અસારી, સહમંત્રી તરીકે અજીતભાઈ પરમાર, સંગઠન મંત્રી તરીકે શૈલેષ પાંડવ અને આંતરિક અન્વેષક તરીકે ધીરૂભાઈ ડામોરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમાજના કારોબારી સભ્યો તરીકે નરસિંહભાઈ નિનામા, રમણભાઈ ડામોર, કાન્તીભાઈ બી. ડામોર, મગનભાઈ ગોપાત, મહેન્દ્રકુમાર ડામોર, રાજેશકુમાર પાંડવ, ગલજીભાઈ પાંડોર અને આર.એસ. જોષીયારાની વરણી કરવામાં આવી હતી.

## રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ૧૬મીએ નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને બોડી લાઈન હોસ્પિટલ અમદાવાદના સૌજન્યથી કોલવડા ગામે નિઃશુલ્ક રોગ નિદાન અને સારવાર કેમ્પ ૧૬મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ યોજવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામે આવેલી કોલવડા કુમાર શાળામાં કીડની, બ્લડપ્રેશર, ડાયાબિટીશ, મૂત્રાશયની પથરી, ચામડીના રોગો, ગર્ભાશયની ગાંઠ, હાડકાના રોગો, બાળકોના રોગો, દાંતની સારવાર, ફિઝીયોથેરાપી અંગેની બિમારીઓ અંગેનો મફત નિદાન અને સારવાર કેમ્પ ૧૬મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ યોજાશે. કેમ્પમાં ડૉ. શૈલેષ શાહ તથા નિષ્ણાંત ડૉક્ટરો સેવા આપશે. સમગ્ર કેમ્પમા શક્ય તેટલી દવાઓનું વિતરણ મફત કરવામાં આવશે. આ દિવસે સારવાર માટે આવનાર દર્દીએ અગાઉના એક્ષરે, સોનોગ્રાફી, લેબોરેટરી રીપોર્ટ સાથે લાવવાના રહેશે. આ અંગેની જરૂરી વિગતો તથા નામની નોંધણી ફોન નં. ૨૩૨-૮૮૮૩૩, ૨૩૨-૮૮૮૫૫ અથવા ૨૩૨-૮૮૮૬૬ પર સંપર્ક કરવાથી થઈ શકશે. એમ રોટે. પ્રમુખ સમીર ત્રિવેદી અને સેક્રેટરી મેહુલ મહેતાએ જણાવ્યું છે.

## ગાયત્રી પરિવાર દ્વારા યોજાનાર પેપટેસ્ટના સ્થળમાં ફેરફાર

ગાયત્રી પરિવાર ગાંધીનગરના ચેરમેને એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તા. ૧૬મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ ગર્ભાશયના સંભવિત કેન્સરની જાણકારી માટેના પેપટેસ્ટના સ્થળમાં સંજોગોવશાત આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. ગાયત્રી પરિવાર દ્વારા પેપટેસ્ટ આવતીકાલે સેકટર-૬-બી, ગ-૨ પાસે આવેલી ગાયત્રી હોસ્પિટલ ખાતે યોજાશે. જેની સૌ લાભાર્થી મહિલાઓએ ખાસ નોંધ લેવી.

## ગુજરાત દંઢાવ્ય જનક્ષત્રિય સમાજની સામાન્ય સભા ૧૬મીએ યોજાશે

ગુજરાત દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય (મોચી) સમાજ સમુહલગ્ન અને સેવા ટ્રસ્ટની સામાન્ય સભા તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨.૦૦ કલાકે સેકટર-૨૮ લગ્નવાડી ગાંધીનગરમાં યોજાશે. મહેન્દ્રભાી ચૌહાણ ઉપપ્રમુખે જણાવેલ છે.

## સિદ્ધેશ્વરી સેવા ટ્રસ્ટ બાસણા દ્વારા ક-૭ સેવા કેન્દ્ર ૨૧મી થી આરંભાશે

સિદ્ધેશ્વરી સેવા ટ્રસ્ટ બાસણા સંચાલિત રાંધેજા- માણસા રોડ ક-૭ના કોર્નર ઉપર સેવા કેન્દ્રનો પ્રારંભ તા. ૨૧મી સપ્ટેમ્બરના રોજ થશે. જેમાં સે.-૩ના યુવાનો પણ જોડાશે. અંબાજી જતા ભાદરવી પુનમના ૫- યાત્રીકોને લાભ લેવા માટે જણાવવામાં આવે છે. સેવા કેન્દ્રમાં મિષ્ટાન તથા જમણ અને ચા-કૉફી, નાસ્તો, મેડીકલ સારવાર, ન્હાવા માટે ગરમ પાણીની સગવડ કરેલ છે. સિદ્ધેશ્વરી સેવા ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રસિંહ અર્જુનસિંહ વાઘેલાએ જણાવેલ છે.



## ક્રિકેટર કિરીટ જાની નિવૃત થતાં બહુમાન કરાયું

જૂના સચિવાલય ક્રિકેટ એસોસીએશનના ક્રિકેટર કિરીટ પી. જાની નિવૃત થતાં એસોસીએશન તરફથી શાલ ઓઢાડી, શિલ્ડ એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હુતં. ચિત્રમાં ડાબેથી વિજય અવઘડે, શૈલેષ દત્ત, કિરીટ જાની, પ્રકાશ વાણિયા, હરમીંદર બુગેટ અને આર.એમ. પટેલ નજરે પડે છે.

# પ્રૌઢના મૃત્યુના આઘાતમાં પરિવારજનોએ સિવિલ હોસ્પિટલમાં તોડફોડ મચાવી

### મૃતકના ભત્રીજાએ કાચ તોડતા તે પણ ઘાયલ : પોલીસ બોલાવવી પડી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૩માં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢનું હાર્ટ એટેકથી મૃત્યુ થતા મૃતકનાં ભત્રીજા સહિત આઘાતમાં સરી પડેલા પરિવારજનોએ ગત રાત્રિએ ગાંધીનગર સિવિલમાં તોડફોડ મચાવી મુકી હતી. મૃતકના ભત્રીજાએ ઈમર્જન્સી વોર્ડના મુખ્ય દરવાજાનો કાચ ફોડી નાંખતા તેને પણ હાથે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા પ્રાથમિક સારવાર આપીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મૃતકના પરિવાજનોનું ટોળું એકઠું થઈ જતા પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

શહેરના સેકટર-૩માં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢને ગઈ કાલે રાત્રીના અરસામાં અચાનક છાતીનો દુઃખાવો શરુ થઈ ગયો હતો. તાત્કાલીક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. જયાં ફરજ પરના તબીબે તેમનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું હોવાનું જાહેર કર્યું હતું. પ્રૌઢ વયના વડીલના મૃત્યુના સમાચાર સાંભળીને તેમની સાથે આવેલા ભત્રીજાએ તથા પરિવારજનોએ આઘાતમાં ભાન ભુલીને હોસ્પિટલમાં જ તોડફોડ શરુ કરી દીધી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડના મુખ્ય દરવાજાનો કાચ મૃતકના ભત્રીજાએ તોડી નાંખતા તેને પણ હાથે અને માથે ઈજાઓ થવા પામી હતી. હોસ્પિટલમાં તોડફોડના સમાચાર સાંભળીને સિવિલ સર્જન તથા આરએમઓ સહિતનો હોસ્પિટલ સ્ટાફ સ્થળ પર દોડી આવ્યો હતો. મૃતકના પરિવારજનોનું એકઠું થયેલું ટોળું જોઈને હોસ્પિટલ સત્તાવાળાઓએ પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. કાચ તોડીને ઘાયલ થયેલા મૃતકના ભત્રીજાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો.

# જિલ્લા કોંગ્રેસ દ્વારા વિધાનસભા બેઠકવાર પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

આગામી ડિસેમ્બર-૨૦૧૨માં યોજાનાર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસનો જળહળતો વિજય થાય તે માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા શ્રેણીબદ્ધ પ્રજાલક્ષી કાર્યક્રમોની જાહેરાત કરી છે જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની કોરકમિટીની તાજેતરમાં મળેલ બેઠકમાં જિલ્લાની પાંચેય વિધાનસભા વિસ્તારોમાં કોંગ્રેસ પક્ષના વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓથી કાર્યકરોને અવગત કરાવવા અને તે લગત સક્રીય કામગીરી કરવા ગ્રામ્યકક્ષાએ પ્રવાસ કાર્યક્રમ યોજવાનું નક્કી કરી જાહેરાત કરવામાં આવી છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. સી.જે. ચાવડા, કાર્યકારી પ્રમુખ ધુળાજી ઠાકોર, સંકલન સમિતિના ચેરમેન જશુભા રાણા, જિ.પં. પ્રમુખ મંગીબેન દિલીપભાઈ પટેલ, ગાંધીનગર મેયર મહેન્દ્રસિંહ રાણા, શહેર પ્રમુખ મુકેશભાઈ પટેલ, ધારાસભ્યો સર્વશ્રી બાબુસિંહ ઠાકોર, સુરેશભાઈ પટેલ, મહાનગરપાલિકા-નગરપાલિકા-તાલુકા પંચાયતના નેતાશ્રી અને સદસ્યશ્રીઓ, તાલુકા-શહેર સમિતિના પ્રમુખશ્રીઓ, જિલ્લા-તાલુકા પંચાયતના ચેરમેનશ્રી-સદસ્યશ્રીઓ, જિલ્લા-તાલુકા શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારશ્રીઓ, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળના પ્રમુખો અને હોદ્દેદારો, વિવિધ સેલ અને ડિપાર્ટમેન્ટના ચેરમેનશ્રીઓ અને હોદ્દેદારશ્રીઓ, વિધાનસભા બેઠકના પ્રદેશ નિરીક્ષકશ્રીઓ, પ્રભારીઓ અને જે તે વિસ્તારના પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, વિધાનસભા વિસ્તારમાં સમાવિષ્ટ જે તે જિલ્લા-તાલુકા પંચાયતના પ્રભારીઓ, ગ્રામ પ્રભારીઓ, બુથ પ્રભારીઓ વિગેરેની ઉપસ્થિતિમાં યોજાનાર આ પ્રવાસ કાર્યક્રમમાં બુથ એજન્ટને ઓળખપત્રો આપવા, ગ્રામીણ મહિલાઓને ૧૦૦ ચો.વારના પ્લોટ અંગેની સમજૂતી આપવા, કોંગ્રેસ સભ્ય પદની નોંધણી, કોંગ્રેસ દ્વારા બહાર પાડેલ ચૂંટણી ઢંઢેરાના મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરવા અને પ્રદેશ આગેવાનો દ્વારા આગામી દિવસોમાં વિવિધ બેઠકો યોજવા જેવા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરાશે. પ્રવાસ કાર્યક્રમ અંગેની માહિતી આપતાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી સૂર્યસિંહ ડાભી અને અશ્વિન બારોટે સંયુક્ત પણે જણાવ્યું છે કે પાંચેય વિધાનસભા વિસ્તારોના દરેક ગામ, પરા અને શહેરોને આવરી લેતો વ્યાપક પ્રવાસ કાર્યક્રમ જિલ્લા કોંગ્રેસના ઉપક્રમે જે તે તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે જેમાં માણસા વિધાનસભા વિસ્તારમાં તા. ૧૭, ૧૮, ૨૨ અને ૨૩-૯-૨૦૧૨ના સવારે ૯.૩૦ થી સાંજના ૮.૦૦ કલાક સુધી, કલોલ વિધાનસભા

● અનુસંધાન પાના-૭ પર

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૪૮

### તાપમાન

મહત્તમ : ૩૧.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૬ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ ૧૦.૦૦, ૧૦.૦૦
એક થા ટાઈગર : ૧૨.૩૦
જીના હૈ તો ઠોક ડાલ : ૩.૦૦, ૭.૪૫
કયામત રહી કયામત : ૫.૧૫

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ (૨ડી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦,૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
જીના હૈ તો ઠોક ડાલ : ૯.૦૦, ૫.૩૦
બર્ફી : ૧૧.૩૦, ૮.૩૦
એક થા ટાઈગર : ૨.૩૦

**સૂર્યા, વાવોલ**

એક થા સૉલજર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાજણ મને તમારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
બર્ફી : ૧૦.૩૦, ૧.૧૫, ૨.૦૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૧.૧૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લવ સૅક્સ એન્ડ મલ્ટીપ્લેક્ષ: ૧૦.૪૫, ૧૦.૧૫
જીના હૈ તો ઠોક ડાલ : ૧.૩૦, ૭.૩૦
બર્ફી : ૫.૦૦

**ચિરાગ, કલોલ**

સાજણ તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ધાર્મિક**

● અધિક ભાદરવા (પુરૂષોત્તમ) માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં કેસરી ઘટા અને શૃંગારમાં ચાંદીના પલના.

### આપની આજ

**મેષ** : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

**વૃષભ** : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

**સિંહ** : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

**કન્યા** : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

**ધન** : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ - કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

### ચિરવિદાય

- સ્વ. શામળભાઈ ડાહ્યાભાઈ સોલંકી (ઉ.વ. ૬૦) પ્લોટ નં. ૧૪૨૮/૧, સેકટર-૩/સી, ગાંધીનગર.
- સ્વ. બાબુભાઈ શંકરભાઈ ચૌહાણ (ઉ.વ. ૬૫)મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જતુબેન માનસંઘભાઈ ગોહિલ (ઉ.વ. ૬૫)જીઈબીના છાપરાં, ગાંધીનગર.
- સ્વ. રામકુમાર સર્વજીત થાપા(ઉ.વ. ૬૦)ડી-૧૦, ઈફકો ટાઉનશીપ, ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ ડાહ્યાભાી ઠાકોર (ઉ.વ. ૪૦) મુ.પો. સિહોલી મોટી, તા., જિ. ગાંધીનગર.